# ભાવનગર મહાનગરપાલિકા

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

"પ્રેસનોટ"

ઘરવેરા વિભાગ,
તા.૦૩.૦૧.૨૦૨૫

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગત તા.૦૬/૧૨/૨૦૨૪ થી કાર્પેટ એરિયા કર પધ્ધતીના મિલ્કત વેરાના બાકીદારો પાસેથી મિલ્કત વેરાની વસુલાત કરવા મહાનગરપાલિકાના તમામ વિભાગો મારફત " માસ જપ્તી ડ્રાઇવ " શરૂ કરવામાં આવેલ. આ " માસ જપ્તી ડ્રાઇવ " હેઠળ કુલ – ૯૫૨ મિલ્કતોને ટાંચમાં લઈ સિલ કરવામાં આવેલ છે. જ્યારે આ માસ જપ્તી શરૂ કર્યા તારીખથી આજ દિન સુધીમાં ભાવનગર મહાનગરપાલિકાને કુલ ૦૭.૦૩ કરોડની આવક થયેલ છે. આ માસ જપ્તી થકી ડિસેમ્બર માસમાં જ મહાનગરપાલિકાને કુલ ૬.૭૯ કરોડની આવક થયેલ છે જે ઓક્ટોબર માસની કુલ ૨.૨૩ કરોડ તથા નવેમ્બર માસની કુલ ૨.૫૨ કરોડની આવકના બમણાં કરતાં પણ વધુ છે. આ માસ જપ્તી ડ્રાઇવ શરૂ કર્યા તારીખથી આજ દિન સુધીમાં કુલ – ૭૪૮૬ મિલ્કતોમાં મિલ્કત વેરો ભરપાઇ થયેલ છે. જે પૈકી ડિસેમ્બર માસમાં જ કુલ – ૭૨૪૧ મિલ્કતોમાં વેરો ભરપાઇ થયેલ છે જે ઓક્ટોબર માસના – ૨૩૨૯ મિલ્કતો તથા નવેમ્બર માસના કુલ - ૨૪૬૩ મિલ્કતોના બમણા કરતાં પણ વધારે છે. ભાવનગર મહાનગરપાલિકા ખાતે વન ટાઇમ ઇન્સ્ટોલમેન્ટ સ્કિમ ૨.૦ (OTIS 2.0) પણ હાલ અમલી છે. આ સ્કિમ હેઠળ મિલ્કત વેરાની કુલ બાકી રકમના એક સરખા કુલ પાંચ હપ્તા કરી આપવામાં આવતાં હોય તથા આ પાંચ હપ્તા ચાલુ વર્ષ સહિત આગામી પાંચ વર્ષમાં ભરપાઇ કરવાના રહેતા હોય તથા પાછલી બાકી રકમ અને ચાલુ બાકી રકમ પર ચડત થયેલ ચાલુ વર્ષનું વ્યાજ માફ કરી આપવામાં આવતું હોય, મિલ્કતધારકો દ્વારા મોટી સંખ્યામાં આ યોજનાનો લાભ મેળવવામાં આવી રહ્યો છે. આ યોજના ગત તા.૦૫.૧૨.૨૦૨૪ થી લાગુ કર્યા તારીખથી આજ દિન સુધીમાં કુલ ૩૯૫૭ મિલ્કતધારકો આ યોજનામાં જોડાયા છે જે પૈકી કુલ ૩૦૨૦ મિલ્કત ધારકોએ તેઓનો પ્રથમ હપ્તો પણ ભરપાઇ કરી દિધેલ છે. જેના થકી મહાનગરપાલિકાને કુલ ૧.૮૯ કરોડની આવક થયેલ છે. આગામી દિવસોમાં મહાનગરપાલિકા દ્વારા આ માસ જપ્તી ડ્રાઇવને હજુ વધુ વેગવંતી બનાવવા તથા મિલ્કત વેરાના બાકીદારો સામે કડક કાર્યવાહી કરવા બાકીદારોની મિલ્કતોમાં ઉપલબ્ધ કરાવેલ નળ તથા ગટર કનેકશન કાપવા અંગેની કાર્યવાહી અમલમાં મુકવામાં આવનાર છે.

ઘરવેરા સુપ્રીટેન્ડેન્ટ(મધ્ય) ,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.

.........................................................................................................................................

પ્રતિ,

તંત્રી મહોદયશ્રી

........................................

........................................

ઉપરોક્ત જાહેર ખબર આપની બહોળી પ્રસિધ્ધી ધરવતાં વર્તમાન પત્રમાં જાહેર હિતાર્થે વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવી આપવા નમ્ર વિનંતી છે.

જન સંપર્ક અધિકારી,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.